# આજે જાહેર થશે પ્રજાના 'સેવક'




**નવસારીથી વાંસદા સુધીની બેઠકો પર કોણ બાજી મારશે? આજે ફેંસલો**

નવસારીઃ નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને આખરે નિર્ણાયક તબક્કો આવી પહોંચ્યો છે. મતદાન પૂર્ણ થતાં જ હવે દરેક ઉમેદવારનું ભવિષ્ય ઈવીએમ મશીનોમાં સીલ થઈ ગયું છે. રાજકીય માહોલ ગરમ છે અને તમામ પક્ષો હવે પરિણામોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લા ભરના નિર્ધારિત કેન્દ્રો પર મતદાન સામગ્રીના વિતરણથી લઈને મતગણતરી સુધીની સંપૂર્ણ યોજના અમલમાં મૂકી દેવામાં આવી છે. સુરક્ષા દળો પણ દરેક સ્થળે તૈનાત છે જેથી પ્રક્રિયા નિર્વિઘ્ન રીતે પાર પડી શકે. નવસારી મહાનગરપાલિકાના તમામ 13 વોર્ડ માટે હાંસાપોર સ્થિત સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ મુખ્ય કેન્દ્ર તરીકે નિર્ધારિત કરવામાં આવી છે, જ્યાંથી ચૂંટણી સંબંધિત તમામ કામગીરી હાથ ધરાશે. બીજી તરફ ગણદેવી નગરપાલિકાની ચૂંટણી માટે પ્રાથમિક કન્યા શાળા, ગણદેવીને કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ કેન્દ્રોની ગોઠવણી કરવામાં આવી છે. નવસારી તાલુકામાં ચોવીસી સ્થિત સંદીપ દેસાઈ પ્રાથમિક વિદ્યાલય, જલાલપોરમાં વિજલપોર વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓ, ગણદેવીમાં હાઈસ્કૂલ અને કન્યા વિદ્યાલય કેમ્પસ, ચીખલીમાં અલગ અલગ સ્થળોએ વ્યવસ્થા, ખેરગામમાં મામલતદાર કચેરી અને તાલુકા સેવા સદન તેમજ વાંસદામાં સરકારી કોલેજ ખાતે મતગણતરી પ્રક્રિયા થશે. હવે રાજકીય દાવપેચ અને વચનો પછી આખરી ફેસલો મતદારોના નિર્ણય પર આધારિત છે, જે ઈવીએમમાં કેદ થઈ ગયો છે. પરિણામો જાહેર થતાં જ સ્પષ્ટ થશે કે નવસારીમાં સત્તાની કમાન કોના હાથમાં જશે.

**ખેરગામ 79.93% સાથે આગળ, વાંસદા તા.પં. 77.81% બીજા સ્થાને**

## નવસારી જિલ્લાની 181 બેઠક માટે આજે જનતાનો 'રુઝાન'

**મનપા, જિ.પં. અને તાલુકા પંચાયત મળી 181 બેઠક માટે લડનાર ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય આજે ખુલશે**

**જિલ્લામાં 238 બેઠકમાંથી 57 બેઠક બિનહરીફ થતાં બાકીની બેઠકો પર કડક મુકાબલો રહ્યો હતો**

**નવસારી મહાનગરપાલિકામાં 1,87,875માંથી 1,22,641 મતદાર મતદાન માટે આગળ આવ્યા**

નવસારી : નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થતા હવે રાજકીય નજર માત્ર પરિણામો પર જ કેન્દ્રિત થઈ ગઈ છે. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત મળી કુલ 181 બેઠકો માટે લડનાર ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય હવે ઈવીએમ મશીનોમાં બંધાઈ ગયું છે. 28મીએ યોજાનારી મતગણતરીમાં સ્પષ્ટ થશે કે કોને જીતનો તાજ મળશે.

ચૂંટણી દરમિયાન જિલ્લામાં મતદારોનો સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો. કુલ 238 બેઠકોમાંથી 57 બેઠકો બિનહરીફ જાહેર થતાં બાકીની બેઠકો પર કડક મુકાબલો રહ્યો. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં મતદાનનો ઉત્સાહ વધુ જોવા મળ્યો, જ્યારે શહેર વિસ્તારો થોડા પાછળ રહ્યા.

આંકડાઓ મુજબ, ખેરગામ તાલુકા પંચાયત 79.93% મતદાન સાથે સૌથી આગળ રહ્યું, જ્યારે વાંસદા તાલુકા પંચાયત 77.81% સાથે બીજા સ્થાને રહ્યું. નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં 65.28% મતદાન નોંધાયું, જેમાં 1,87,875માંથી 1,22,641 મતદારો મતદાન માટે આગળ આવ્યા.

ગણદેવી નગરપાલિકાની બેઠકો પર 76.79% મતદાન નોંધાયું, જે નોંધપાત્ર માનવામાં આવે છે. તાલુકા પંચાયતોમાં ચીખલી (73.47%), જલાલપોર (68.53%) અને ગણદેવી (72.47%)માં મતદાન સંતોષજનક રહ્યું.

લિંગ આધારિત મતદાનમાં મિશ્ર ચિત્ર સામે આવ્યું છે. કેટલીક જગ્યાએ મહિલાઓની ભાગીદારી ઓછી રહી, છતાં જલાલપોર તાલુકામાં મહિલાઓએ 71.24% સાથે પુરુષો (65.78%) કરતા વધારે મતદાન કરીને સકારાત્મક સંદેશ આપ્યો છે. ખેરગામમાં પુરુષ મતદાન 82.43% સુધી પહોંચ્યું.

જિલ્લા પંચાયતની 21 બેઠકો માટે સરેરાશ 75.14% મતદાન સાથે સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ છે. વહીવટી તંત્રની ચુસ્ત કામગીરીને કારણે મતદાન દરમ્યાન કોઈ મોટો વિવાદ કે અવરોધ નોંધાયો નથી.

હવે ચૂંટણીનો શોરગુલ થંભી ગયો છે અને આખરી નિર્ણય ઈવીએમમાં સીલ થઈ ગયો છે. 28મીના રોજ મતગણતરી શરૂ થતાં જ જીત-હારનું ચિત્ર સ્પષ્ટ થશે અને નવસારીના રાજકારણમાં નવી દિશા નક્કી થશે.


ગીરીશ ભોયે

## રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનમાં બીજા ક્રમે રહ્યો ડાંગ જિલ્લો

**ડાંગમાં જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૭૯.૬૧ ટકા અને તાલુકા પંચાયતમાં ૭૯.૭૭ મતદાન નોંધાયુ**

**આજે આહવા, વઘઇ અને સુબીર ખાતે સવારે ૯ વાગ્યાથી હાથ ધરાશે મતગણતરી**

સાપુતારા : ડાંગ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ માટે જિલ્લાના ૩૩૫ બુથો ઉપર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતુ. સરેરાશ ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે પણ જાગૃત નાગરીકો તરીકે ડાંગમાં મોટી સંખ્યામાં લોકોએ મતદાન કર્યું હતું. જેમાં જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો માટે સરેરાશ ૭૯.૬૧ ટકા, અને ત્રણ તાલુકા પંચાયતોની ૪૭ બેઠકો માટે સરેરાશ ૭૯.૭૭ મતદાન નોંધાવા પામ્યું હતું. રાજ્યના તમામ જિલ્લાઓની સરખામણીએ મતદાનની ટકાવારીની દ્રષ્ટિએ ડાંગ જિલ્લો નર્મદા બાદ બીજા ક્રમે રહેવા પામ્યો છે. ત્રણેય તાલુકાઓની વિગતવાર વાત કરીએ તો આહવા તાલુકા પંચાયતની ૧૫ બેઠકો માટે ૭૭.૪૮ ટકા, વઘઈની ૧૬ બેઠકો માટે ૮૪.૩૧ ટકા, અને સુબીર તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે ૭૮.૨૪ ટકા મતદાન નોંધાયું હતું. ડાંગ જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો માટે ૫૨ અને ત્રણ તાલુકા પંચાયતોની કુલ ૪૭ બેઠકો માટે ૧૧૬ ઉમેદવારોની ચૂંટણી માટે થયેલા આ મતદાનની ગણતરી તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ હાથ ધરાશે. ઉલ્લખેનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરાનાર મતગણતરી માટે જરૂરી સ્ટાફની નિમણૂક અને તાલીમની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેઓ સવારના ૯ વાગ્યાથી મત ગણતરી શરૂ કરશે. આહવા તાલુકાની મત ગણતરી સરકારી માધ્યમિક શાળા, આહવાના બીજા માળે જમણી બાજુ, તો વઘઇ તાલુકાની ગણતરી તાલુકા સેવા સદન, વઘઇના ભોય તળિયે, રૂમ નંબર ૧૫ અને ૧૭ મા, તેમજ સુબીર તાલુકાની મત ગણતરી તાલુકા સેવા સદન, સુબીરના બાજા માળે, હોલ નંબર ૨ અને ૩ ખાતે યોજાનાર છે.

**તા.પં.માં પાંચ અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠક ભાજપની બિનહરીફ થઈ ચૂકી છે**

## ચીખલી તા.પં.માં ૭૩.૪૭ અને જિ.પં.માં ૭૩.૯૨ ટકા મતદાન

**સૌથી વધુ મીણકચ્છ ગામના બુથ પર ૮૯.૫૨ ટકા જ્યારે સૌથી ઓછું ખૂંધના બે નંબરના બુથ પર ૫૫.૯૮ ટકા મતદાન નોંધાયું**

**તા.પં.ની ૨૩ અને જિ.પં.ની ૫-બેઠકો માટે બે હોલમાં સાત-સાત ટેબલો પર મતગણતરી થશે**


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીની મતગણતરી ચીખલીમાં નવી પ્રાથમિક શાળામાં યોજાશે. વહેલી સવારથી તાલુકા પંચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની ૫-બેઠકો માટે બે અલગ અલગ હોલમાં સાત સાત ટેબલો પર મતગણતરી થશે. તાલુકા પંચાયતમાં ૭૩.૪૭ અને જિલ્લા પંચાયતમાં ૭૩.૯૨ ટકા સરેરાશ મતદાન થયું છે. તાલુકા-જિલ્લા પંચાયતમાં સૌથી વધુ મીણકચ્છ ગામના બુથ પર ૮૯.૫૨ ટકા જ્યારે સૌથી ઓછું ખૂંધના બે નંબરના બુથ પર ૫૫.૯૮ ટકા મતદાન નોંધાયું હતું.

તાલુકા પંચાયતની ૨૩-બેઠકો પર ૫૩ અને જિલ્લા પંચાયતની ૫-બેઠકો પર ૧૨ જેટલા ભાજપ, કોંગ્રેસ, આપના ઉમેદવારોના ભાવિના ફેંસલો થશે. નવી પ્રાથમિક શાળામાં અલગ અલગ સ્ટ્રોંગ રૂમોમાં ઇવીએમ મુકવામાં આવ્યા છે. અને પોલીસ બંદોબસ્ત ઉપરાંત સીસીટીવી કેમેરાથી નિગરાણી રાખવામાં આવી રહી છે. મત ગણતરીને લઈને ભાજપ-કોંગ્રેસ સહિતની પાર્ટીના ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

તાલુકા પંચાયતમાં પાંચ અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો ભાજપની બિનહરીફ થઇ ચૂકી છે. ત્યારે તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં કે પછી કોંગ્રેસ ભાજપ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળ રહેશે તેનો ફેંસલો પણ થઈ જશે.

| તાલુકા પંચાયત બેઠક | મતદાન (ટકામાં) |
|---|---|
| ચાસા | ૮૦.૦૧ |
| વાંઝણા | ૭૮.૯૧ |
| દેગામ | ૭૭.૯૪ |
| રાનકુવા | ૭૭.૬૧ |
| નોગામાં | ૭૭.૪૪ |
| આમધરા | ૭૭.૧૩ |
| કાંગવઇ | ૭૬.૮૩ |
| બામણવેલ | ૭૫.૯૮ |
| સાદકપોર | ૭૫.૮૧ |
| રૂમલા | ૭૫.૬૨ |
| ઢોલુમ્બર | ૭૫.૬૧ |
| સાદડવેલ | ૭૨.૪૯ |
| ગોડથલ | ૭૨.૪૯ |
| સિયાદા | ૭૧.૩૩ |
| ઘેજ | ૭૧.૨૩ |
| સારવણી | ૭૦.૭૮ |
| રાનવેરી કલ્લા | ૬૯.૮૫ |
| આલીપોર | ૬૯.૭૦ |
| વંકાલ | ૬૮.૨૨ |
| કુકેરી | ૬૭.૯૨ |
| ખૂંધ | ૬૭.૯૧ |

| જિલ્લા પંચાયત બેઠક | મતદાન (ટકામાં) |
|---|---|
| વાંઝણા | ૭૮.૫૩ |
| સાદકપોર | ૭૩.૬૮ |
| કુકેરી | ૭૨.૭૪ |
| ખૂંધ | ૭૨.૪૬ |
| માંડવખડક | ૭૧.૯૫ |

### રાત્રે બે વાગ્યા સુધી રિસીવિંગની કામગીરી ચાલી, અવ્યવસ્થા સર્જાઈ

ચીખલીમાં ઇટાલિયા હાઇસ્કૂલના મેદાનમાં રાત્રે બે વાગ્યા સુધી રિસીવિંગની કામગીરી ચાલી હતી. અને રાત્રે દસેક વાગ્યે તો ઇવીએમ અને અલગ અલગ કવરો સ્વીકારવાના ટેબલો પર ભારે ભીડ સર્જાતા એક સમયે અવ્યવસ્થા સર્જાઈ હતી. જોકે મોટે ભાગે દરેક ચૂંટણીમાં જ જમવા સહિતની બાબતે અવયવસ્થા સર્જાતી જ હોય છે. પરંતુ તંત્ર શીખ લેતું નથી જોકે તાલુકામાં અનુભવી અને કાર્યક્ષમ વહીવટી કુશળતા વાળા અધિકારીનો અભાવ પણ જોવા મળી રહ્યો છે.

## મતદાન બાદ ગણતરીનાં સમયમાં મતદારોની આતુરતાનો અંત આવશે

**ગણદેવી તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા અને તા.પં. તેમજ પાલિકાની ચૂંટણીનાં ઇવીએમમાં અંકિત મતોની આજે ગણતરી**

**પાલિકાની ૨૪ પૈકી ૨૨ બેઠકો બિનહરીફ**


કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા અને તાલુકા પંચાયત, તેમજ ગણદેવી નગરપાલિકા ચૂંટણી બાદ આજે મંગળવારે સવારે મતની ગણતરી થશે.

ગણદેવીમાં તાલુકા - જિલ્લાની સર સીજે ન્યુ હાઈસ્કૂલ અને પાલિકાની પ્રાથમિક કન્યા શાળા સ્થિત સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ સીલ કરાયા હતા. જ્યાં જવાનો પહેરો ભરી રહ્યા છે. મંગળવારે ૮ ના ટકોરે મતગણતરી હાથ ધરાશે. જેમાં ગણદેવી પાલિકાના વોર્ડ-૧, અને વોર્ડ નં.૪ નાં ઈવીએમ ખુલતા એક બે કલાકમાં પરીણામો પ્રાપ્ત થશે. જ્યારે તાલુકા પંચાયતની ૧૨ બેઠકો ઉપર ૭૨.૪૭ ટકા મતદાન જોતા બપોર સુધીમાં પરિણામ આવશે. તેમ છતાં તાલુકાની ઉંડાચ, અંભેટા, ગણદેવા અને મટવાડ બેઠકો ઉપર રસાકસીનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. જ્યારે જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો પૈકી માત્ર ગણદેવા બેઠક ઉપર જો અને તો નાં ગણિત મંડાઈ રહ્યા છે. છતાં ગણદેવીમાં વર્ષથી ભાજપનો ગઢ રહ્યો છે. તાલુકાની ૨૪ પૈકી ૧૨, જિલ્લાની ૬ પૈકી ૩ અને પાલિકાની ૨૪ પૈકી ૨૨ બેઠકો બિનહરીફ જીતી હતી. તે જોતા ફરી ભાજપનો ભગવો લહેરાશે, કોંગ્રેસ એકાદ- બે જગ્યાએ સફળ થશે એવી આશા છે.

## વાપીની કોર્ટમાં ૨૯ વર્ષ પહેલાંના ચોરીના કેસમાં બે આરોપીને ૭ વર્ષની કેદ

**ગોદાલનગરમાં બે એપાર્ટમેન્ટમાં ત્રણ ફ્લેટના તાળા તોડી રૂપિયા ૧૯૦૦૦ની ચોરી થઈ હતી**

વાપી : વાપીના ગોદાલનગર વિસ્તારમાં વર્ષ ૧૯૯૫માં થયેલી ઘરફોડ ચોરીના કેસમાં ૨૯ વર્ષ, ૬ માસ અને ૨૨ દિવસ બાદ મહત્વનો ચુકાદો આવ્યો છે. આ કેસની વિગત મુજબ, ૨૨-૨૩ એપ્રિલ ૧૯૯૫ના રોજ સાંઈ કૃપા અને અમરદીપ એપાર્ટમેન્ટના ત્રણ ફ્લેટોના તાળા તોડી આરોપીઓએ સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂપિયા ૧૯,૦૦૦ની મત્તાની ચોરી કરી હતી. આ ગુના અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે મુંબઈના વિજયકુમાર દેવાભાઈ પટેલ અને થાણેના વિકાસ કાશીનાથ પાટીલની ધરપકડ કરી હતી. આ બંને આરોપીને વાપીની કોર્ટે સજા કરી છે.

ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપીઓ સતત ગેરહાજર રહેતા હોવાથી કોર્ટે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ મુજબ તેમની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ કર્યો હતો. તપાસ દરમિયાન પોલીસ અધિકારીએ સાક્ષીઓની જુબાની અને પંચનામા રજૂ કર્યા હતા, જેમાં આરોપીઓ પાસેથી ૩૯.૫૭૦ ગ્રામ ઓગાળેલું સોનું રિકવર થયાનું સાબિત થયું હતું. આ મુદ્દામાલની કિંમત આશરે રૂપિયા ૧૬,૦૦૦ ગણવામાં આવી હતી.

વાપીના બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ આઈ. આઈ. પઠાણે આ કેસમાં ચુકાદો આપ્યો હતો. અદાલતે બંને આરોપીઓને આઈપીસી કલમ ૩૮૦ હેઠળ ૭ વર્ષની કેદ, કલમ ૪૫૭ હેઠળ ૫ વર્ષની કેદ અને કલમ ૪૫૪ હેઠળ ૩ વર્ષની કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, દરેક કલમ હેઠળ રૂપિયા ૫,૦૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવી પડશે. તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે તથા રિકવર થયેલો સોનાનો ટુકડો સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. સરકાર તરફે એપીપી એચ.ટી.પટેલની દલીલોને ગ્રાહ્ય રાખવામાં આવી હતી.

## સિસોદ્રા પાસે બે અકસ્માતમાં બે યુવાનનાં મોત

**ધોળપીપળાથી વેસ્મા ઓવરબ્રિજ સુધીનો NH-48નો પટ્ટો અકસ્માતો માટે બ્લેક સ્પોટ**

**બે મહિનામાં 15થી વધુ અકસ્માત, 8થી વધુનાં મોત**

નવસારીઃ નવસારી જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર 48 પર અકસ્માતોની શ્રેણી અટકતી નથી. રવિવારે રાત્રે સિસોદ્રા પાટીયા નજીક બનેલી હિટ એન્ડ રન ઘટનામાં એક બાઈક ચાલકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે ગણેશ સિસોદ્રા રોડ પર થયેલા અકસ્માતમાં પણ એક યુવાને જીવ ગુમાવ્યો છે.

માહિતી મુજબ, મંગુ રાજુભાઈ હળપતિ (રહે, બારડોલી) પોતાની બાઈક (GJ-19-BK-3992) પર નવસારીથી પલસાણા તરફ નોકરીએ જઈ રહ્યા હતા. ત્યારે સિસોદ્રા પાટીયા નજીક પાછળથી વાહને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં વેસ્મા આઉટપોસ્ટના PSI એમ.એ. મોદી પોલીસ ટીમ સાથે સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. મૃતકના ભાઈ રાહુલ હળપતિએ અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે અને પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

આ સાથે જ 26 એપ્રિલની સવારે જશોદાનગર ગણેશ સિસોદ્રા રોડ પર બનેલા અકસ્માતમાં નિકુંજ ભરતભાઈ હળપતિ (ઉં.વ.18) પોતાની KTM બાઈક (GJ-05-LY-6920) બેફામ ઝડપે હંકારી રહ્યો હતો. આ દરમિયાન સામે આવતી મોપેડ (GJ-21-BH-6754) સાથે અથડામણ થતાં મોપેડ સવાર અરશદ મોહમ્મદ અંસારીને માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચી અને તેમનું મોત નીપજ્યું હતું. બાઈકચાલકને પણ ઈજાઓ પહોંચી છે.


**અસલ દસ્તાવેજ, ઈન્ડેક્ષ-૨ તથા રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) લેખ ગુમ થયા અંગેની**
**જાહેર નોટીસ**

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ-ડીસ્ટ્રીકટ, શહેર સુરતના વધારાના વિસ્તાર મોજે : છાપરાભાઠાના રે.સ.નં.૯૧/૧ થી ૯૧/૬ તથા રે.સ.નં.૧૦૪/૨ થી ૧૦૪/૪ જેનો બ્લોક નં.૧૩૨-બ+૧૬૫, ટી.પી.સ્કીમ નં.૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) લાગુ પડતા ફા.પ્લોટ નં.૮૩ બીનખેતીની જમીનમાં આયોજીત "આમ્રકુંજ સોસાયટી" નામની સોસાયટી રહેઠાણના હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટ નંબર : ૪૪ વાળી મિલકત મારા અસીલ સુભાષ બાલુભાઈ રાઠોડની માલીકીની ચાલી આવેલ. સદર મીલકત તેના માલીક રાજુભાઈ ધનજીભાઈ પિત્રોડા કનેથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૯૪૪૯ તા.૦૯/૧૦/૨૦૨૩ થી વેચાણ રાખેલ હતી. જે મિલકતના અગાઉના અસલ ઓરીજનલ દસ્તાવેજ નં.૧૧૬૩ તા.૨૯/૦૧/૨૦૧૦ તથા બીનઅવેજી / બક્ષીસ દસ્તાવેજ અસલ ઓરીજનલ દસ્તાવેજ નં.૮૯૨૭ તા.૧૯/૦૬/૨૦૧૦ કે જે ડાહયાભાઈ ભગુભાઈ પટેલના નામે હતા તે બંને અસલ દસ્તાવેજ, અસલ ઈન્ડેક્ષ-૨, અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટો (આર.આર.) ક્યાંક ગુમ/ગેરવલ્લે થઇ ગયેલ છે, જે ઘણી શોધખોળ કરવા છતાં આજરોજ સુધી મળી આવેલ નથી. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મીલકતમાં જો કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, શાહુકારી પેઢી, પ્રાઈવેટ સેકટર કે બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સા અધિકાર, ચાર્જ, બોજા પહોંચતા હોય તો તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ સિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહીત અમોને રૂબરૂ મળવુ.

મારી સુચનાથી... સુભાષ બાલુભાઈ રાઠોડ

દે.૧૬૧-૧૬૨, કેદાર બિઝનેશ સેન્ટર, બાપાસીતારામ ચોક, ડભોલી રોડ, કતારગામ, સુરત. મો.નં. ૯૦૯૯૧ ૦૧૬૩૨

નિતેશ યુ. વ્યાસ
એડવોકેટ એન્ડ નોટરી



**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ અબ્રામા તાલુકાના, મોજે ગામ : મોટાવરાછા રે.સ. નંબર : ૧૯૫/૧, બ્લોક નંબર : ૧૯૩, વાળી બિનખેતીની જમીન, જે ટી.પી.સ્કીમ નંબર : ૨૪ (મોટાવરાછા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૫૩ વાળી બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ ॥ શિવનગર સોસાયટી ॥ ના નામથી ઓળખાતી સોસાયટીમાં રહેણાંક હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટો પૈકી બુકીંગ પ્લોટ નંબર : ૮૪, જેનો પાસીંગ પ્લાન મુજબ પ્લોટ નંબર : એ/૫૪ થી નોંધાયેલ બાંધકામવાળી મિલકત લાભુબેન ધનજીભાઇ હિરપરાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે, તેઓ સદરહુ મિલકત ચોખ્ખા/માર્કેટેબલ ટાઇટલવાળી તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે. અને અમારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ બાંધકામવાળી મિલકત અંગેના પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ બાંધકામવાળી મિલકત ઉપર વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, કલેઈમ, જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વગેરે હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ ની મુદતમાં પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે/વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા, બેંક કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઉભા કરવામાં કે કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સરનામું : ઓફિસ નંબર ૭૦૧, સરથાણા બીઝનેસ હબ, નિર્મળનગર સોસાયટીની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત. મો. ૯૯૦૪૨-૪૩૯૦૦

મહેન્દ્ર જી. સવાણી
રક્ષા કે. ગોટી
(એડવોકેટ & નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ



**જાહેર ચેતવણી**

મર્હુમ કુલદીપસિંઘ સલુજા તથા તેમના ભાઈઓ નામે મહેન્દ્રસિંઘ સલુજા અને ઈકબાલસિંઘ સલુજા સાથે મળીને ધંધો કરતા આવેલા અને તે દરમ્યાન અલગ - અલગ કંપની / પેઢી બનાવી તેવી કંપની / પેઢીના નામે કે ત્રણેય ભાઈઓના નામે કે તેમના એચયુએફના નામે કે પરિવારના અલગ અલગ સભ્યોના નામે અલગ અલગ જમીન - મિલકતો ખરીદ કરવામાં આવેલી. મર્હુમ કુલદીપસિંઘ સલુજાના અવસાન બાદ તેમના વારસો નામે વિધવા પરમજીતકૌર કુલદીપસિંઘ સલુજા, પુત્રો અમનદીપ સલુજા, સરબજીતસિંઘ સલુજા, યશપ્રિતસિંઘ સલુજા, જશપ્રિતસિંઘ સલુજા અને તેમના પરિવારના સભ્યો સાથે ઉપર મુજબ અલગ અલગ નામે ધારણ કરેલી મિલકતોની વહેંચણ બાબતે લેખિત ફેમિલી સેટલમેન્ટનો લેખ કરવામાં આવેલો અને તેમાં મહેન્દ્રસિંઘ સલુજા અને ઈકબાલસિંઘ સલુજા અને તેમના પરિવારના સભ્યો સામેલ થયેલા. મજકુર સમજુતી અનુસાર તમામ મિલકતો, ગમે તે નામે હોય, સંયુકત માલિકીની ગણવામાં આવેલી અને તેમાં કુલદીપસિંઘ સલુજા પરિવારનો એકંદરે ૫૦% હિસ્સો ગણવામાં આવેલો અને મહેન્દ્રસિંઘ સલુજા પરિવાર તથા ઈકબાલસિંઘ સલુજા પરિવાર દરેકનો ૨૫% હિસ્સો નકકી થયેલો. મજકૂર કૌટુંબિક સમજુતી, રજીસ્ટર્ડ દસ્તાવેજ સ્વરૂપે કબુલ પણ કરવામાં આવેલી છે અને તેનો અંતઃ અમલ પણ થયો છે. તેમ છતાં કેટલીક મિલકતો બાબતે કુલદીપસિંઘ પરિવારના સભ્યો તરફથી સહકાર ન મળવાથી તે બાબતે નિવૃત્ત હાઈકોર્ટ જજ સોનિયાબેન ગોકાણી સમક્ષ લવાદી પ્રકરણ ચાલુ છે. હાલમાં અમને મળેલી માહિતી પ્રમાણે અમનદિપ સલુજા અને સરબતજીતસિંઘ સલુજા શહેર સુરતના મજુરા વિસ્તારમાં આવેલી ટી.પી. સ્કીમ નં.૯ ના ફાયનલ પ્લોટ નં.૬૨/એ/૧ થી ૬૨/એ/૯ (નવો ફા. પ્લોટ નં.૫૫/ડી) વાળી બિનખેતી જમીનો ઉપર આયોજીત "સુભાષનગર કો.ઓ.હા.સો.લી." ની વસાહતના "પ્લોટ નં. ૪૧ તથા ૪૬" વાળી મિલકતો કે જેને સીટી સર્વે રેકર્ડ મુજબ વોર્ડ મજુરાના સીટી સર્વે નં. ૫૫૭ તથા ૫૬૨ તરીકે ઓળખવામાં આવે છે તે પ્લોટવાળી જમીન તથા તે ઉપર આવેલ અમલાની વ્યવસ્થા કરી રહ્યા છે કે તેમ કરવાનો પ્રયત્ન કરે છે. સબબ, તેમનુ કૃત્ય ગેરકાયદેસર છે અને ફોજદારી ગુનાને પાત્ર છે. સદરહુ પ્લોટ ઉપર આવેલ અમલાનુ બાંધકામ અમો નીચે સહી કરનારે કરેલુ હોવાથી તે મિલકતમાં અમારો કાયદેસરનો માલિકી હકક ચાલી આવેલો છે અને કૌટુંબિક સમજુતીનો લેખ થયો ત્યારબાદ અમારી સંમતી વગર કોઈપણ મિલકતની હરકોઈ પ્રકારે કોઈપણ પક્ષકાર એકતરફી વ્યવસ્થા કરી શકે નહિં તેવી કબુલાત થયેલી છે. સબબ જાહેર જનતાને આથી ચેતવણી આપી જણાવવાનું કે, તેઓ પાસેથી સદરહુ મિલકત કોઈએ વેચાણ રાખવી નહિં કે તે બાબતે સાટાખત, કબજા રસીદ કે અન્ય પ્રકારના લખાણ કરવા નહિં, કે અવેજ કે બાનાની ચુકવણી કરવી નહિં. આ ચેતવણી છતાં જો કોઈ આ મિલકત બાબતે તેઓ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે ગેરકાયદેસર ગણાશે અને તે અમને બંધનકર્તા રહેશે નહિં અને તેવો વ્યવહાર કરનારને કાયદેસર કબજો મળશે નહિં અને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહિં અને તેમ છતાં જો કોઈપણ વ્યવહાર કરવામાં આવશે તો તે વ્યવહાર ગુનાહિત ઈરાદે એકબીજાના મેળાપીપણામાં કરેલ હોવાનુ ગણાશે અને તે બાબતે અમો તેઓની વિરૂધ્ધમાં ફોજદારી તેમજ સીવીલ રાહે કાયદેસરની કાર્યવાહી કરીશુ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સહી /-
ઈકબાલસિંઘ સલુજા
ઠેકાણું : બંગલો નં. ૪૨/૪૫, સુભાષનગર સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત.
અમારી મારફત

જે. પી. દેસાઈ (એડવોકેટ)
ઠેકાણું : ૨૦૧, ૨૦૨, હસાનંદ કોમ્પલેક્ષ, નાનપુરા, સુરત. (મો. ૯૯૭૯૩૭૬૩૭૬)

મહર્ષિ હિતેશ લાચવાલા (એડવોકેટ)
ઠેકાણું : ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.